# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 24-10-2024 સાંજે : 7.50 થી 8.00

વાર : ગુરૂવાર

આકાશવાણી સમાચાર ચૈતાલી જોષી વાંચે છે.

1) કેન્દ્રીય મંત્રીમંડળે અવકાશ ક્ષેત્રને સમર્પિત એક હજાર કરોડ રૂપિયાના વેન્ચર કેપિટલ ફંડને મંજૂરી આપી.
2) આર્થિક બાબતો પરની કેબિનેટ સમિતિએ આજે 6 હજાર 798 કરોડ રૂપિયાના બે રેલ્વે પ્રોજેક્ટ્સને મંજૂરી આપી છે.
3) રશિયામાં 16મી બ્રિક્સ સમિટને સંબોધતાં વિદેશ મંત્રી ડૉ. એસ.જયશંકરે કહ્યું, કે "અસરકારક રીતે સંઘર્ષ અને તણાવને દૂર કરવો એ સમયની જરૂરિયાત છે.
4) સંરક્ષણ મંત્રાલયે ભારતીય તટરક્ષક માટે 387 કરોડ 44 લાખ રૂપિયાના ખર્ચે છ એરકુશન વાહનોની ખરીદી માટે આજે કરાર પર હસ્તાક્ષર કર્યા
5) ઓડિશા અને પશ્ચિમ બંગાળના દરિયાકાંઠે ચક્રવાત 'દાના' ત્રાટકવાની આશંકા વચ્ચે ભારતીય નૌકાદળની પૂર્વીય કમાન્ડ હાઇ અલર્ટ પર
6) અમદાવાદમાં રમાઇ રહેલી ભારત અને ન્યૂઝીલેન્ડ મહિલા ક્રિકેટની વનડે મેચમાં ભારતે 228 રનનો લક્ષ્યાંક આપ્યો.

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**CABINET- VENTURE CAPITAL**

કેન્દ્રીય મંત્રીમંડળે અવકાશ ક્ષેત્રને સમર્પિત એક હજાર કરોડ રૂપિયાના વેન્ચર કેપિટલ ફંડની સ્થાપનાને મંજૂરી આપી છે. સૂચિત વેન્ચર કેપિટલ ફંડનો જમાવટનો સમયગાળો ફંડની કામગીરીની શરૂઆતની વાસ્તવિક તારીખથી પાંચ વર્ષ સુધીનો છે. રોકાણની તકો અને ભંડોળની જરૂરિયાતોને આધારે સરેરાશ જમાવટની રકમ પ્રતિ વર્ષ 150 થી 250 કરોડ રૂપિયા હોઈ શકે છે. આ ફંડ વ્યૂહાત્મક રીતે દેશના અવકાશ ક્ષેત્રને આગળ વધારવા, રાષ્ટ્રીય પ્રાથમિકતાઓ સાથે સંરેખિત કરવા અને નવીનતા અને આર્થિક વૃદ્ધિને પ્રોત્સાહન આપવા માટે છે.

## CCEA- RAIL PROJECTS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતા હેઠળ યોજાયેલી કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં મેટ્રો, સ્માર્ટ સિટી, હવાઇમથક અને માર્ગ સહિતના અનેક મહત્વપૂર્ણ નિર્ણયો લેવાયા હતા.. બેઠક પછી પત્રકારોને સંબોધતાં, કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે, આર્થિક બાબતો અંગેની મંત્રીમંડળની સમિતિએ ટ્રાફિક ઘટાડવા અને લોકોને પરિવહન સુવિધાઓ પૂરી પાડવાના હેતુસર આજે 6 હજાર 798 કરોડ રૂપિયાના બે રેલ્વે પ્રોજેક્ટ્સને મંજૂરી આપી છે.

શ્રી વૈષ્ણવે ઉમેર્યું કે, પ્રથમ પ્રોજેક્ટ હેઠળ, 256 કિલોમીટર લાંબી નારકટિયગંજ-રકસૌલ, સતામાર્ધી, દરભંગા અને સતામાધિ-મુજ્જાફરપુરની રેલ્વે લાઇનો નાખવામાં આવશે. આ નેપાળ, ઇશાન-ભારત અને સરહદ વિસ્તારો સાથે જોડાણને મજબૂત બનાવશે અને સામાજિક-આર્થિક વિકાસમાં પણ વધારો કરશે.

## (બાઇટ-અશ્વિની વૈષ્ણવ)

## RAILWAYS- SPECIAL TRAINS

દિવાળી અને છઠ પૂજાના તહેવારોને ધ્યાનમાં રાખી રેલવે મંત્રાલય સાત હજાર વિશેષ ટ્રેનો ચલાવી રહ્યું છે. નવી દિલ્હીમાં કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, આ વિશેષ ટ્રેનો દ્વારા દરરોજ લગભગ બે લાખ વધારાના મુસાફરો

મુસાફરી કરી શકે છે. તેમણે કહ્યું કે ગયા વર્ષે ચાર હજાર પાંચસો ટ્રેનોની સરખામણીમાં આ વર્ષે વિશેષ ટ્રેનોની સંખ્યા વધારીને સાત હજાર કરવામાં આવી છે.

## RAJNATH INDIA CHINA

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આજે કહ્યું હતું કે, ભારત અને ચીન નિયંત્રણ રેખા - એલએસી સાથેના કેટલાક ક્ષેત્રોમાં તેમના મતભેદોને ઉકેલવા રાજદ્વારી અને લશ્કરી સ્તરે વાતચીતમાં સામેલ થયા છે. નવી દિલ્હીમાં ચાણક્ય સંરક્ષણ સંવાદ 2024 ના ઉદ્ઘાટન સત્રમાં શ્રી સિંહે કહ્યું કે, વાટાઘાટો બાદ, સમાન અને પરસ્પર સુરક્ષાના સિદ્ધાંતોના આધારે જમીનની સ્થિતિને પુનઃસ્થાપિત કરવા વ્યાપક સર્વસંમતિ પ્રાપ્ત થઈ છે. સંરક્ષણ મંત્રીએ માહિતી આપી હતી કે, સર્વસંમતિમાં પરંપરાગત વિસ્તારોમાં પેટ્રોલિંગ અને ચરાઈનો સમાવેશ થાય છે. તેમણે કહ્યું કે આ સતત સંવાદમાં જોડાવાની શક્તિ છે

શ્રી સિંહે કહ્યું કે દેશના સંરક્ષણ ક્ષેત્રને આત્મનિર્ભર સંસ્થામાં પરિવર્તિત કરવાથી દૂરગામી અસર થશે.

## FOREIGN MINISTER DR. S. JAI SHANKARE

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે આજે બ્રિક્સ પ્લસ ફોર્મેટમાં 16મી બ્રિક્સ સંમેલનને સંબોધતા કહ્યું, કે “અસરકારક રીતે સંઘર્ષ અને તણાવને દૂર કરવો એ આજે સમયની જરૂરિયાત છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારપૂર્વક કહ્યું છે કે આ યુદ્ધનો યુગ નથી. વિવાદો અને મતભેદોને વાતચીત અને મુત્સદ્દીગીરી દ્વારા ઉકેલવા જોઈએ. એકવાર કરાર થઈ જાય, પછી તેઓનું પ્રમાણિકપણે સન્માન કરવું જોઈએ. "આંતરરાષ્ટ્રીય કાયદાનું પાલન થવું જોઈએ અને આતંકવાદ માટે શૂન્ય સહિષ્ણુતા હોવી જોઈએ."

તેમણે મધ્ય પૂર્વ અને પશ્ચિમ એશિયાની સ્થિતિ અંગે ભારતની સ્થિતિ પણ રજૂ કરી અને ભારપૂર્વક જણાવ્યું કે સંઘર્ષ અને તણાવને અસરકારક રીતે ઉકેલવો એ

સમયની જરૂરિયાત છે. બ્રિક્સ બેઠક અને અમારું આઉટરીચ સત્ર એ સંદેશ છે કે વિશ્વ લાંબા સમયથી ચાલી રહેલા પડકારો પર નવેસરથી વિચાર કરવા તૈયાર છે. ડૉ. જયશંકરે આજે પ્રધાનમંત્રીના પ્રતિનિધિ તરીકે રશિયન શહેર કઝાનમાં BRICS આઉટરીચ સત્રમાં હાજરી આપી હતી.

## DEFENCE ACVs

સંરક્ષણ મંત્રાલયે ભારતીય તટરક્ષક માટે કુલ 387 કરોડ 44 લાખ રૂપિયાના ખર્ચે છ એર કુશન વાહનોની ખરીદી માટે આજે કરાર પર હસ્તાક્ષર કર્યા છે. મંત્રાલયે જણાવ્યું હતું કે, આ જહાજો, જેને 'હોવરક્રાફ્ટ' પણ કહેવાય છે, જેને બાય ઈન્ડિયન શ્રેણી હેઠળ ખરીદવામાં આવશે.

સરકારના 'આત્મનિર્ભર ભારત' લક્ષ્યાંકને અનુરૂપ આ ACVsનું દેશમાં પ્રથમ વાર સ્વદેશી રીતે ઉત્પાદન કરાશે, જે દેશના શિપિંગ લેન્ડસ્કેપમાં એક મહત્વપૂર્ણ પગલું રજૂ કરશે. આ પ્રોજેક્ટ સ્થાનિક આનુષંગિક ઉદ્યોગો, ખાસ કરીને સુક્ષ્મ લઘુ અને મધ્યમ ઉદ્યોગ એટલે કે, MSME ક્ષેત્રની ટેકનિકલ કુશળતા અને વૃદ્ધિમાં પણ નોંધપાત્ર વધારો કરશે. આ પ્લેટફોર્મની પ્રાપ્તિનો હેતુ ભારતીય તટરક્ષકની ક્ષમતાઓને વેગ આપવાનો અને દરિયાઈ સુરક્ષા પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવાનો છે.

## *MID BREAK- NEWS- NATIONAL*

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો.

## RAJNATH INDIA CHINA

સંરક્ષણ મંત્રી  રાજનાથ સિંહે આજે કહ્યું હતું કે, ભારત અને ચીન નિયંત્રણ રેખા - એલએસી સાથેના કેટલાક ક્ષેત્રોમાં તેમના મતભેદોને ઉકેલવા રાજદ્વારી અને લશ્કરી સ્તરે વાતચીતમાં સામેલ થયા છે. નવી દિલ્હીમાં ચાણક્ય સંરક્ષણ સંવાદ 2024 ના ઉદ્ઘાટન સત્રમાં શ્રી સિંહે કહ્યું કે, વાટાઘાટો બાદ, સમાન અને પરસ્પર સુરક્ષાના સિદ્ધાંતોના આધારે જમીનની સ્થિતિને પુનઃસ્થાપિત કરવા વ્યાપક સર્વસંમતિ પ્રાપ્ત થઈ છે. સંરક્ષણ મંત્રીએ માહિતી આપી હતી કે, સર્વસંમતિમાં પરંપરાગત વિસ્તારોમાં પેટ્રોલિંગ અને ચરાઈનો સમાવેશ થાય છે. તેમણે કહ્યું કે આ સતત સંવાદમાં જોડાવાની શક્તિ છે

શ્રી સિંહે  કહ્યું કે દેશના સંરક્ષણ ક્ષેત્રને આત્મનિર્ભર સંસ્થામાં પરિવર્તિત કરવાથી દૂરગામી અસર થશે.

## DANA

ઓડિશા અને પશ્ચિમ બંગાળના દરિયાકાંઠે ચક્રવાત 'દાના' ત્રાટકવાની આશંકા વચ્ચે ભારતીય નૌકાદળની પૂર્વીય કમાન્ડ સતત જાગૃત છે. નેવીએ કોઈપણ આપત્તિનો સામનો કરવા માટે રાહત અને બચાવ કામગીરીની તૈયારીઓ પૂર્ણ કરી લીધી છે.

ભારતીય હવામાન વિભાગ અનુસાર, ચક્રવાત દાના બાર કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ઉત્તર-પશ્ચિમ દિશા તરફ આગળ વધી રહ્યું છે. હાલમાં તે ઓડિશાથી લગભગ 240 કિલોમીટર દક્ષિણમાં અને પશ્ચિમ બંગાળથી લગભગ 310 કિલોમીટર દક્ષિણમાં આવેલું છે. ઓડિશાના મુખ્યમંત્રી મોહન ચરણ માઝીએ કહ્યું, “રાજ્ય સરકાર ચક્રવાત 'દાના'ને ખૂબ જ ગંભીરતાથી લઈ રહી છે. કેન્દ્રપારા, ભદ્રક, બાલાસોર, જગતસિંહપુર અને પુરી જેવા અસરગ્રસ્ત જિલ્લાઓમાં તમામ તૈયારીઓ કરવામાં આવી છે.

ઇસ્ટર્ન નેવલ કમાન્ડે એક નિવેદનમાં જણાવ્યું કે, આંધ્રપ્રદેશ, ઓડિશા અને પશ્ચિમ બંગાળના નૌકાદળ સત્તાવાળાઓ સાથે સંકલન કરીને વ્યાપક આપત્તિ પ્રતિભાવ મિકેનિઝમ સક્રિય કરાયું છે. "બેઝ વિક્ચ્યુઅલિંગ યાર્ડ, મટિરિયલ ઓર્ગેનાઈઝેશન અને નેવલ હોસ્પિટલ INHS કલ્યાણી જેવા એકમોના સહયોગથી રાજ્ય વહીવટીતંત્ર દ્વારા માંગ પર આવશ્યક પુરવઠો અને તબીબી સહાય પણ પૂરી પાડવામાં આવશે." નૌકાદળે માનવતાવાદી સહાય અને આપત્તિ રાહત કામગીરી માટે રાહત સામગ્રી અને બચાવ ટીમો સાથે બે નૌકા જહાજો તૈયાર રાખ્યા છે, જે કટોકટીની પરિસ્થિતિઓમાં સહાય પૂરી પાડશે

## PAC MEETING

સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા-સેબીનાં વડાં માધબી પુરી બુચ આજે સમિતિ સમક્ષ હાજર ન થતાં હોબાળાના કારણે સંસદની જાહેર હિસાબ સમિતિની બેઠક સ્થગિત કરવામાં આવી હતી. સમિતિના અધ્યક્ષ કે.સી. વેણુગોપાલે નવી દિલ્હીમાં મીડિયાને જણાવ્યું હતું કે, પેનલે નિયમનકારી સંસ્થાઓ દ્વારા સમીક્ષા માટે આ મામલાની સુઓમોટો લેવાનો નિર્ણય કર્યો છે. તેમણે કહ્યું કે સેબીના, અધ્યક્ષ સમિતિ સમક્ષ હાજર થવાનાં હતાં, પરંતુ તેમણે જણાવ્યું કે, તેઓ દિલ્હી જવાની સ્થિતિમાં નથી અને તેમની વિનંતીને ધ્યાનમાં રાખીને આજની બેઠક મોકૂફ રાખવાનો નિર્ણય લેવાયો હતો.

## REV. GADKARI-ROAD SAFETY

કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીએ કહ્યું છે કે, સરકાર માર્ગ સલામતી ઇકોસિસ્ટમમાં કૃત્રિમ બુદ્ધિમત્તા એટલે કે, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સનો ઉપયોગ જેવી તમામ પ્રકારની અદ્યતન ટેક્નૉલોજીનો અમલ કરી રહી છે. આજે નવી દિલ્હીમાં ટ્રાફિક ઈન્ફ્રાટેક એક્સ્પોની 12મી આવૃત્તિને સંબોધતા તેમણે રોડ નિર્માણમાં સૌથી અદ્યતન ટેક્નૉલોજી અપનાવવા પર ભાર મૂક્યો હતો. તેમણે ઉમેર્યું હતું કે

સરકાર પ્રતિભાશાળી ઇજનેરોને માર્ગ નિર્માણમાં તેમના અનુભવો જણાવવા પ્રોત્સાહિત કરી રહી છે, જેથી વાહનચાલકો માટે રસ્તાઓ વધુ સુરક્ષિત બને.

## AHD INDIA NEW ZEALAND ONE DAY

ભારત અને ન્યૂ ઝિલેન્ડ મહિલા ક્રિકેટ ટીમ વચ્ચે રમાયેલી વન-ડે મેચમાં ભારતે ન્યૂ ઝિલેન્ડને જીતવા માટે 228 રનનો લક્ષ્યાંક આપ્યો છે. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં આ વન-ડે શ્રેણીનો પ્રારંભ થયો છે. હાલમાં મળતા અહેવાલ અનુસાર, ન્યૂ ઝિલેન્ડની ટીમે 34 ઑવરમાં 7 વિકેટ ગુમાવી ___ રન બનાવ્યા છે.

ન્યૂ ઝિલેન્ડનાં લૉરેન ડાઉન 26, જ્યોર્જિયા પ્લિમર 25 અને સૂઝિ બેટ્સ એક રન બનાવીને આઉટ થઈ ગયાં હતાં. જ્યારે સુકાની સોફી ડેવિન માત્ર 2 રન બનાવીને રન-આઉટ થયાં હતાં. ભારત તરફથી સૈમા ઠાકોર, દીપ્તિ શર્મા અને રાધા યાદવે એક-એક વિકેટ ઝડપી છે.

આ પહેલા ભારત તરફથી સૌથી વધારે 42 રન તેજલ હસબ્નિસે બનાવ્યાં હતાં. જ્યારે દિપ્તી શર્માએ 41, યસ્તિકા ભાટિયાએ 37, જેમિમાહ રોડ્રિગ્યૂસે 35 અને શેફાલી વર્માએ 33 રન બનાવ્યા હતા.

## UNITED NATIONS DAY

આજે, સંયુક્ત રાષ્ટ્ર સંઘની ઉજવણી કરવામાં આવી રહી છે. આ દિવસ સંયુક્ત રાષ્ટ્રની સત્તાવાર સ્થાપનાની યાદ અપાવે છે. સંયુક્ત રાષ્ટ્ર એક આંતર-સરકારી સંસ્થા છે, જે આંતરરાષ્ટ્રીય મુત્સદ્દીગીરી, માનવ પ્રયાસ અને વૈશ્વિક વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. બીજા વિશ્વયુદ્ધ પછી, સંયુક્ત રાષ્ટ્રની સ્થાપના દેશોમાં શાંતિ, સુરક્ષા અને સહયોગને પ્રોત્સાહન આપવા માટે કરવામાં આવી હતી.